ગાંધીનગર સમાચાર

સ્માર્ટ સીટીમાં સમાવેશ થાય તે પહેલા
કેન્દ્રીય ટીમ ચકાસણી માટે આવી પહોંચી

# કેન્દ્રીય અંદાજપત્ર પાસે અપેક્ષાઓ...

ગાંધીનગર તા ૩૦

આવતીકાલે રજૂ થનાર કેન્દ્રીય અંદાજપત્રમાં શું-શું અપેક્ષિત છે અને નગરના અગ્રણીઓ શું અપેક્ષા રાખે છે તે જાણવાનો ગાંધીનગર સમાચારે પ્રયાસ કર્યો છે. સૌના મનમાં આવકવેરાની મર્યાદા વધારવા અપેક્ષા અગ્રતા ક્રમે છે.

### કરમુક્તિની મર્યાદા વધે તો જ નાગરિકોમાં ટેક્ષ ભરવાની ઇચ્છાશક્તિ પ્રબળ બનશે



નોટબંધીની અસરોને લીધે આમ પણ આમ નાગરિકો અને વેપારી વર્ગ પરેશાન છે. જયારે આગામી બજેટમાં ટેક્ષમાં રાહત આપવી અનિવાર્ય છે. જેમાં ખાસ કરીને કરમુક્તિની મર્યાદા ૨.૫૦ લાખમાંથી ૫ લાખ સુધી કરવી જોઈએ. ટેક્ષમાં ફેરફાર થાય તો જ સામાન્ય માણસ અને વેપારીને ફાયદો થશે. આ ઉપરાંત પેટ્રોલ ડિઝલના ભાવ પણ ઘટે તેવી જોગવાઈ કરવી જોઈએ. આપણા દેશમાં અન્ય દેશોની સાપેક્ષમાં પેટ્રોલ ડિઝલનો ભાવ વધુ છે. જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવ પણ ઘટે તે અનિવાર્ય છે. પરંતુ ટેક્ષમાં રાહત થાય તો જ નાગરિકોમાં ટેક્ષ ચુકવવાનો ઉત્સાહ વધશે. ટેક્ષની ચુકવણી માટે ઉત્સાહી બનશે.

**કાલીદાસ પટેલ - (વેપારી અગ્રણી)**

### કરમુક્તિ અને કરકપાતની મર્યાદા વધારવી અનિવાર્ય..

નોટબંધીની અસર બાદ આગામી બજેટમાં કરમુક્તિમાં રાહત આપવાની જરૂરિયાત વર્તાય છે. વેપારી સહીત આમ નાગરિકોને લાભ થાય તે માટે કરમિક્તિની મર્યાદા ૪ લાખ



સુધી કરવી જોઈએ. હાલ ૨.૫૦ લાખ સુધીની કરમક્તિની મર્યાદા છે. જેમાં વધારો કરવો જોઈએ. જયારે કરકપાતની મર્યાદા હાલ ૧.૫૦ લાખ સુધીની છે. જેમાં પણ વધારો કરીને ૨ લાખ સુધી છુટછાટ આપવી જોઈએ. સરકાર આ દિશામાં યોગ્ય નિર્ણય લેશે અને બજેટમાં આવશ્યક સુધારા રજુ કરશે તેવી પણ ચોક્કસ આશા છે.

**હરિશ ત્રિવેદી - (ટેક્ષ એડવોકેટ)**

### બજેટમાં રાહત માટે આમ નાગરિકો મીટ માંડીને બેઠા છે.



નોટબંધીના નિર્ણય બાદ ઘણાં ખાલી થઈ ગયા છે. જયારે મોંઘવારી પર કોઈ અંકુશ નથી. દરવર્ષે રેલ બજેટમાં પણ ડીંગો દેખાડી દેવાય છે. આવા સંજોગોમાં આગામી બજેટ આમ નાગરિકો માટે આશાસ્પદ બન્યુ છે. ત્યારે બજેટમાં કરમુક્તિમાં મર્યાદા વધારવામાં આવે તે અનિવાર્ય છે. આમ નાગરિકો બજેટમાં આ સુધારની રાહ જોઈને બેઠા છે. જયારે પેટ્રોલ ડિઝલના પણ ભાવ ઘટે તેવી જોગવાઈ કરવાની અનિવાર્યતા છે. જેથી જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવ પણ ઘટે તો જ સામાન્ય નાગરિકને રાહત થાય.

**અરૂણ બુચ - (પ્રમુખ શહેર વસાહત મહામંડળ)**

### ઇનોવેટરને સબસીડી મળે તેવી જોગવાઇ થવી જોઇએ



બજેટમાં સર્વિસ ટેક્ષ ઘટે તેવુ આયોજન કરવુ જોઈએ. આમ નાગરિકોમાં ઈન્કમટેક્ષની મર્યાદા વધશે તેવી આશા છે. જે ફળિભુત થાય તે અનિવાર્ય છે. જયારે ઈનોવેટર સંશોધકોને કોઈ સુવિદા મળતી નથી તેને ધ્યાને લઈ ઈનોવેટરને સબસીડી મળે તેવી જોગવાઈ કરવી જોઈએ. સારી યોજના પુરી પાડવી જોઈએ જેના પરિણામે તેમને વિદેશ જતા અટકાવી શકાય. વધતી મોંઘવારી પણ અંકુશમાં આવે તેવી જોગવાઈ બજેટમાં થશે તેવી આશા છે.

**દશરથભાઇ પટેલ - (વેપારી)**

### અર્થતંત્રની ગાડી પાટે ચઢે તેવુ બજેટ હોવુ જોઇએ.

દેશમાં જુની ચલણી નોટો બંધ થયા બાદ હજુ પણ અર્થતંત્ર પર તેની અસર વર્તાઈ રહી છે. અર્થતંત્ર ખોરવાઈ ગયુ છે. ઉદ્યોગો અને કૃષિથી લઈને તમામ ક્ષેત્રે મંદીનો માહોલ



ફેલાયો છે. ત્યારે સૌ પ્રથમ અર્થતંત્રની ગાડી પાટા પર ચઢે અને સ્થિતિ પુર્વવત થાય થાય તે પ્રકારની પ્રોત્સાહક જોગવાઈ બજેટમાં થવી જોઈએ. પેટ્રોલ ડિઝલ અને ગેસ સહીતની રોજિંદા ઉપયોગની ચીજવસ્તુઓના ભાવમાં ઘટાડો થાય અને રોજગારીની તકો વધે તેવા બજેટની આમ નાગરિકો રાહે છે. નોટબંધીના લીધે અસ્થિર થયેલા સામાન્ય જનજીવન અને અર્થતંત્રમાં સ્થિરતા પ્રદાન કરે તેવુ બજેટ આવકાર્ય છે. આમ નાગરિકો પર ટેક્ષનુ ભારણ હળવુ કરીને નવા ટેક્ષ પણ નાંખવામાં ન આવે તે પણ જરૂરી છે.

**નીતિન પટેલ - (અગ્રણી વરિષ્ઠ પત્રકાર)**

### કોંગ્રેસના શાસનમાં ટેકાના ભાવ અને કરમુક્તિ વધારવા સુચન કરતા શાસકો હવે અમલ કરે



કોંગ્રેસના શાસનમાં ૫૦ હજારથી ૨.૫૦ લાખ સુધીની કરમુક્તિ આપવામાં આવી હતી. ટેક્ષમાં ૩૦૦ ટકા કરમુક્તિ કરવા છતા આ દરમિયાન ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રીએ ૬૦૦ ટકા કરમુક્તિ કરવી જોઈએ સર્વિસ ટેકસમાં પણ આ પ્રકારનુ જ સુચન તત્કાલિન સી એમ દ્વારા કરવામાં આવ્યુ હતુ. ત્યારે આજે પ્રધાનમંત્રી બન્યા બાદ આ વાતને તેમણે યાદ રાખવી જોઈએ. આ ઉપરાંત કપાસ સહીતના ટેકાના ભાવ પણ વધારવા માટે પણ સુચન કર્યુ હતુ જે આજે નોંધપાત્ર ઘટયા છે. પેટ્રોલ એકસાઈઝમાં વધારો કર્યો છે. તે દ્રષ્ટીએ પ્રજાને રાહત મળે તે મુજબ બજેટમાં જોગવાઈ કરવી જોઈએ. નોટબંધી બાદ નાગરિકો પોતાના પૈસાનો ઉપાડ પોતાની ઈચ્છા મુજબ કરી શકતા નથી. પગારદાર માણસો પોતાની મહેનતના રૂપિયા લેવા માટે કતારમાં ખડા થયેલા જોવા મળે છે જે ઘૃણાસ્પદ બાબત છે.

**નિશિત વ્યાસ - (મહામંત્રીસ, પ્રદેશ કોંગ્રેસ)**

### ગરીબ અને નબળા વર્ગ માટે વિશેષ જોગવાઇઓ સામેલ થવી જોઇએ.



બજેટ પ્રજાલક્ષી અને વિકાસલક્ષી હોવુ જોઈએ. આમ નાગરિકો પર વેરાનો વિશેષ બોજ ન પડે તેનુ ખાસ ધ્યાન રહેવુ જોઈએ. ગરીબો અને નબળા વર્ગને લાભ થાય તેવી જોગવાઈ કરવી જાઈએ. જયારે કર્મચારીઓ સહીત આમ નાગરિકો માટે કરમુક્તિની મર્યાદા વધારવી જોઈએ. જેમાં મહીલા અને યુવાનો માટે પણ મર્યાદા વધારવી જોઈએ જેથી તેઓ બચત કરી શકે.

**કાર્તિક પટેલ - (ભાજપ અગ્રણી અને કોર્પોરેટર)**

### અર્થતંત્ર માટે ઉપકારક કરમાળખુ વિકસાવાની અનિવાર્યતા

કોર્પોરેટ આવકવેરાના મહત્તમ દરમાં તેમજ અન્ય સીધા આવક વેરામાં મહત્તમ દરમાં પાંચ ટકા ઘટાડો કરી કરમાળખુ વિસ્તારવાની અનિવાર્યતા છે. ટેક્ષ ભરનારને રાહત



અને ટેક્ષ માટેની પ્રામાણિકતા વધશે. બાંધકામ ક્ષેત્રની સામગ્રી, સાધનો પરનો કર તેમજ ડિઝલ અને ક્રુડ ઓઈલ પર ટેક્ષ ઘટાડવો પણ અનિવાર્ય છે. નોટબંધી અને બદલીની પ્રક્રીયામાં અંદાજે ૨૫ ટકા નાંણા બેકીંગ નેટવર્કના પ્રવાહમાં ઉમેરાયા છે. આ નાણાં નો ઉપયોગ વિવિધ ક્ષેત્રોની યોજનાઓ અને આંતરમાળખાકીય સુવિધાઓ ઉભી કરવામાં આવે તેવી અનિવાર્યતા સાથે બજેટમાં પણ તેની પ્રતીતી થાય તેવુ આયોજન કરવુ જોઈએ.

**સુમંતભાઇ શાહ - (સિનિયર સિટીઝન)**

# હાર્દિક પટેલનો માણસા પોલીસ સ્ટેશનમાં હોબાળો

## સમુહલગ્નમાં નાયબ મુખ્યમંત્રીનો વિરોધ કરી તેમની પર છુટા પાણીના પાઉચ ફેંકનાર ચાર યુવાનો સામે કરાયેલી ફરિયાદ પાછી ખેંચવા ચેતવણી



ગાંધીનગર, તા. ૩૦

માણસા ખાતેના વિહાર ગામમાં ૨૫ ગામ પાટીદાર સમાજ વાડીમાં સમુહ લગ્નનું ગઈકાલે આયોજન થયુ હતુ. તેમાં નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ પ્રવચન આપવા ઉભા થયા ત્યારે પાટીદાર યુવાનોએ પાણીના પાઉચ છુટા ફેંકીને વિરોધ કર્યો હતો. આ મામલે સમાજના પ્રમુખે નવ યુવાનો સામે ગુનો દાખલ કરાવતા આજે પાસના કન્વીનર હાર્દિક પટેલ સહિત પાસના આગેવાનો માણસા પોલીસ સ્ટેશન પહોંચી ગયા હતા અને હોબાળો મચાવ્યો હતો. વિરોધ કરનાર યુવાનો પૈકી નવ સામે ગુનો દાખલ થવા પામ્યો હતો. જે પૈકી બે યુવાનોની ગઈ રાત્રે પોલીસે ધરપકડ કરી લીધી હતી. સમાજનો યુવાનો કે જેમણે નાયબ મુખ્યમંત્રીનો વિરોધ કર્યો હતો તેમની સામે ગુનો દાખલ કરવાનો સમાજના પ્રમુખનો નિર્ણય વ્યાજબી ન હોવાનુ કહી ફરીયાદ પાછી ખેંચવા એફીડેવીટ કરવા હાર્દિક પટેલે ધમકીભરી ચેતવણી આપી હતી.

# મનપાનું ડ્રાફ્ટ બજેટ ૩જી ફેબ્રુઆરીએ

## આકારણી અને રિસર્વે માટે નક્કર કાર્યવાહી તેમજ સેવા સુધારણા માટે શું અભિગમ અપનાવે છે તેના પર સૌની નજર

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર મહાનગરપાલિકાનું વર્ષ ૨૦૧૭-૧૮ના વર્ષનું ડ્રાફ્ટ બજેટ આગામી ૩જી ફેબ્રુઆરીના રોજ કમિશનરશ્રી દ્વારા સ્થાયી સમિતિ સમક્ષ રજુ કરવામાં આવશે.

નવા નાણાંકીય વર્ષમાં આવકના સ્ત્રોતો સઘન બનાવવા માટે તેમજ સેવાઓના સઘનીકરણ માટે શું પગલાં લેવાય છે તેના પર સૌની નજર મંડાયેલી છે. છેલ્લા ત્રણ વર્ષથી શહેરની આકારણી અને રિસર્વેની કામગીરી ખરેખર ક્યારે હાથ ધરાશે તેમજ બી.પી.એલ. યાદી બનાવવા અંગેની નક્કર કાર્યવાહી તંત્ર ક્યારે કરશે તેને લઈ પણ લોકોની મીટ મંડાયેલી છે.

મહાનગરપાલિકા દ્વારા સફાઈની એક માત્ર સેવામાં પણ જે ઉણી પૂરવાર થઈ રહી છે અને

● અનુસંધાન પાન-૭ પર

# સ્માર્ટ સીટીમાં સમાવેશ થાય તે પહેલા કેન્દ્રીય ટીમ ચકાસણી માટે આવી પહોંચી

ગાંધીનગર, તા. ૩૦

સ્માર્ટ સીટીમાં ગાંધીનગરને સમાવવા માટેની ચકાસણી અંગે કેન્દ્ર સરકારની એક ટીમ આજે ગાંધીનગર મનપાની કચેરીએ આવી પહોંચી છે.

ચાર થી પાંચ જેટલા સભ્યોની ટીમે આજે ઓ.ડી.એફ. જાહેર કરાયેલ વિસ્તારોની તેમજ અન્ય કેટલીક બાબતો અંગે ચકાસણીની કામગીરી કરી હતી. આ ટીમ આવતીકાલે શહેરની સ્વચ્છતા બાબતે તેમજ વહીવટીય અને અન્ય સેવાઓ બાબતે પણ ચકાસણી કરશે તેમ જાણવા મળેલ છે.

આજે આ ટીમે શહેરના કેટલાક સુલભ શૌચાલયોની મુલાકાત લીધી હતી. આ ટીમ પોતાનો

● અનુસંધાન પાન-૭ પર

# નવા સચિવાલયમાં ૩જીએ રક્તદાન શિબિર યોજાશે

ગાંધીનગર તા ૩૦

માર્ગ મકાન વિભાગ દ્વારા આગામી તા ૩ ફેબ્રુઆરીના રોજ નવા સચિવાલય બ્લોક નં-૧૪ ના ભોંયતળિયા ખાતે સવારે ૧૦:૩૦ કલાકે રક્તદાન શિબિરનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ કેમ્પમાં સચિવાલયના તમામ કર્મચારીઓ અને અધિકારીઓને રક્તદાન કરવા અપીલ કરવામાં આવી છે. આ કેમ્પમાં રક્તદાન કરનારા તમામ દાતાઓને લેપટોપ બેગ તેમજ સ્મૃતિચિન્હ એનાયત કરવામાં આવશે. અમદાવાદ રેડક્રોસના સહયોગથી યોજાનારા આ કેમ્પમાં માર્ગ મકાન વિભાગના સચિવ તેમજ અન્ય ઉચ્ચ અધિકારીઓ પણ હાજરી આપશે.

તંદુરસ્તી માટે... નેચરલ પ્રોટીન
રેંટિયો દેશી તુવેર દાળ
✓ નેચરલ પ્રોટીનથી ભરપુર
✓ મિનરલ્સ યુક્ત
✓ કોલેસ્ટ્રોલ ફ્રી
સંપૂર્ણ ડ્રાય પ્રોસેસ્ડ
Promise of Good Health for Over 80 Years
રેંટિયો
દેશી સંબંધોની હેલ્દી પસંદ
RENTIO Premium Deshi Oiled Toordal
NATURAL PROTEIN SOURCE
PROMSERVE 15117
E-mail: info@rentiofoods.com • www.rentiofoods.com • Customer Care: 02569 250208 • /rentio-foods

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્ક્રી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com